ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૪ ટકા

# ઘ-૫ પાસે માર્ગ ઓળંગતી બાળકી બુલેટની અડફેટે

## બાળકીનું સારવાર દરમિયાન મૃત્યુ : બુલેટ ચાલક સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના પહોળા અને ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારે છે જેને પગલે શહેરના માર્ગો પર વાહનોના અકસ્માતોની સંખ્યા માં પણ વધારો જોવા મળ્યો છે. ટ્રાફિકના નિયમોની ઐસીતૈસી કરી વાહનચાલકો ભયજનક રીતે વાહન હંકારી અન્ય નાગરિકો અને વાહનચાલકોને પણ અડચણરૂપ બની રહ્યા છે ત્યારે આગામી સમયથી ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય બની રહેશે તેવા સંજોગોમાં શહેરમાં માર્ગ અને સલામતી જળવાય રહે તે માટે વાહનચાલકોએ પણ સચેત બનવું પડશે.

ગાંધીનગર શહેરના ઘ-૫ થી ઘ-૪ તરફ જતા બુલેટની એડફેટે એક ૧૦ વર્ષિય બાળકી આવી જતા અકસ્માત સર્જાયો હતો. માર્ગ પર પટકાયેલી બાળકીનો માથાના ભાગે ઈજા પહોંચતા બુલેટ ચાલક બાળકીનો સારવાર માટે ગઈ ગયો હતો. જયાં સારવાર દરમિયાન બાળકીનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વિજયભાઈ બાબુભાઈ દંતાણી (ઉં.વ.૩૩) નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ સેકટર-૧૬ નાના શોંપીગ સેન્ટર પાસે કાચા છાપરામાં પોતાના પરિવાર સાથે રહે છે. શુક્રવારના રોજ રાત્રીના સાડાનવ વાગ્યાના અરસામાં તેઓ પરિવાર સાથે ઘ-૫ બસ સ્ટેન્ડ પાસે બેઠા હતા. ત્યારે તેમની ૧૦ વર્ષિય દિકરી સપના માર્ગ ક્રોસ કરીનો આવતી હતી. ત્યારે અચાનક માર્ગ પર આવી રહેલા બુલેટની ટક્કર વાગી હતી. બુલેટની ટક્કર વાગતા સપના માર્ગ પર પટકાઈ હતી. જેને પગલે સપનાને માથાના ભાગે ઈજા પહોંચતા બે ભાન થઈ ગઈ હતી. અકસ્માતને પગલે ઉભા રહી ગયેલા બુલેટ ચાલક ઈશ્વરદાન આવડદાન સોનરાત (રહે. નિલકંઠ વિલા સોસાયટી વાવોલ) એ પોતાના બુલેટ પર જ બાળકીને સારવાર માટે લઈ ગયા હતા જયા મોડીરાતે સારવાર દરમિયાન બાળકીનું મૃત્યું નિપજયું હતું. બાળકીના મૃત્યું ના પગલે પિતાએ જી.જે.૧૮.સી-ઈ-૨૬૭૧ નંબરના બાઈક ચાલક ઈશ્વરદાન સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આરોપી બુલેટ ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મુળ મહેસાણાના ચંદરોડા ગામના વતની વિજયભાઈ દંતાણી છુટક મજુરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે. તેઓને ચાર સંતાનો હતા જેમાં એક પુત્રીનું મૃત્યું થયું છે બુલેટ ચાલક ઈશ્વરદાન સોનરાત રીટાયર્ડ આર્મીમેન છે અને હાલ તે ઘ-૫ પાસે આવેલા ડેન્ટલ કલીનીકમાં રીસેપ્નીસ્ટ તરીકે કામ કરે છે.



ગાંધીનગર શહેરમાં સેક્ટર-૧૬ પાટનગર યોજના ભવન અને બેંક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગટર ઉભરાવાની વ્યાપક પ્રમાણમાં ફરિયાદો ઉઠવા પામી છે. છેલ્લા ત્રણ દિવસથી ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક પાછળ આવેલી ગટર ઉભરાતા ગટરનું ગંદુ પાણી બેંકના ભોયરામાં ફરી વળ્યું હતું. છેલ્લા ત્રણ દિવસથી વાણિજ્ય વિસ્તારના વેપારીઓ અને બેંક અધિકારીઓએ તંત્રને જાણ કરવા છતાં કોઈ નિરાકરણ આવેલ નથી ગટર ઉભરાતા નગરજનો રોગચાળાનો ભય અનુભવી રહ્યા છે.

## સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના હોદ્દેદારોની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા.૧૪

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના ઉપપ્રમુખ એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને તથા ગાંધીનગર જિલ્લા પ્રમુખ અશોકભાઈ બી. ત્રિવેદીના સાંનિધ્યમાં ગાંધીનગર ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજકક્ષા)ની કારોબારી તથા પ્રમુખશ્રીની નિમણુંક હેતુસર મિટિંગ યોજાઈ હતી.

જે અંતર્ગત ગાંધીનગર શહેર, ગાંધીનગર જિલ્લા, મહિલા પ્રમુખ, યુવા અગ્રણીઓ તથા તમામ કારોબારીની નિમણુંક કરવામાં આવી છે.

મુખ્ય કારોબારીમાં રુચિરભાઈ ત્રિવેદી (મુખ્ય સંગઠક ગાંધીનગર જિલ્લા), અશોકભાઈ ત્રિવેદી (ગાંધીનગર જિલ્લા પ્રમુખ), સંદીપભાઈ ભટ્ટ (જિલ્લા મહામંત્રી), દિલીપભાઈ પાઠક (જિલ્લા ઉપપ્રમુખ), પતવર્ધનભાઈ ઠાકર (જિલ્લા ઉપપ્રમુખ), સુરેશભાઈ વ્યાસ (જિલ્લા મંત્રી), નિલેષભાઈ પંડયા (જિલ્લા મંત્રી), સુનિલભાઈ ત્રિવેદી (શહેર પ્રમુખ), દીપકભાઈ વ્યાસ (શહેર મંત્રી), જિતેન્દ્રભાઈ ભટ્ટ (શહેર સહમંત્રી) તરીકે નિમણુંક પામ્યા છે.

યુવા પાંખમાં દિવ્યભાઈ ત્રિવેદી (પ્રદેશ યુવા સંગઠન મંત્રી), રાકેશભાઈ જાની (પ્રદેશ યુવા સહમંત્રી), પાર્થભાઈ શર્મા (પ્રદેશ યુવા કાર્યકારિણી સદસ્ય), કથનભાઈ ત્રિવેદી (જિલ્લા યુવા ઉપપ્રમુખ), સંજયભાઈ ત્રિવેદી (જિલ્લા યુવા ઉપપ્રમુખ), રાજનભાઈ ત્રિવેદી (જિલ્લા યુવા મંત્રી), વિરલભાઈ પાઠક (જિલ્લા યુવા સહમંત્રી), વિજયભાઈ ત્રિવેદી (શહેર યુવા પ્રમુખ), કૃતિકભાઈ ભટ્ટ (શહેર યુવા મહામંત્રી), બાલકૃષ્ણભાઈ જોશી (શહેર યુવા ઉપપ્રમુખ), કરણભાઈ રાવલ (જિલ્લા યુવા મંત્રી), નિશાનભાઈ જાની (જિલ્લા યુવા મંત્રી), હિમાલયભાઈ જોશી (જિલ્લા સંગઠન મંત્રી) તરીકે નિમણુંક પામેલ છે.

મહિલા પાંખમાં છાયાબેન ત્રિવેદી (જિલ્લા મહિલા પ્રમુખ), દર્શનાબેન ઠાકર (શહેર પ્રમુખ), શર્મિષ્ઠાબેન મહેતા (મહામંત્રી), માધ્વીબેન જાની (ઉપપ્રમુખ), મનીષાબેન ભટ્ટ (સહમંત્રી), નિવિદીતાબેન દવે (સંગઠન મંત્રી), ભારતીબેન શુકલ (સલાહકાર સમિતિ), ડિંપલબેન ગોર (કારોબારી સભ્ય), સ્મિતાબેન ત્રિવેદી (કારોબારી સભ્ય), સીમાબેન દવે (કારોબારી સભ્ય, ઈલાબેન ઓઝા (સભ્ય), મમતાબેન પુરોહિત (સભ્ય), જાગૃતિબેન ઉપાધ્યાય (સભ્ય) તરીકે નિમણુંક પામેલ છે.

નિમણુંક પામેલા તમામ હોદ્દેદારોને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના મહામંત્રી ડૉ. યજ્ઞેશભાઈ દવે દ્વારા ચર્ચા કરીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી તેમજ સમાજ સેવાના કાર્યો માટે સહભાગી બનવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચરેડી ફાટક પાસેથી જીવતા કારતુસ સાથે શખ્સને પકડી પાડતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલસીબી પોલીસે ચરેડી ફાટક પાસે જીવતા કારતુસ સાથે એક શખ્સ ફરી રહ્યો છે તેવી બાતમી ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલની ટીમના કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા મહેસાણાના કડા ખાતે રહેતા રાકેશ દશરથભાઈ ચાવડા (ઉં.વ.૨૪)ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની ચકાસણી કરતા તેની પાસેથી એક કારતુસ મળી આવ્યું હતું. જેને પગલે એલસીબીએ કિ.૧૦૦ નું કારતુસ કબ્જે લઈને આરોપી યુવક સામે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કારતુસ અંગે એલસીબી પોલીસે તપાસ કરતા યુવકે જણાવ્યું હતું કે તે થોડા દિવસ પહેલા ઉજ્જૈન ગયો હતો ત્યારે તેના મિત્ર આમીન લાલાએ તેને કારતુસ આપી હતી.



ગાંધીનગર જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમો અંગે નગરજનોમાં જાગૃતિ આવે તે માટે પ્રયાસ હાથ ધરાયા હતા. નગરના માર્ગો પર એલઈડી સ્કીન અને માઈક દ્વારા નિયમો અંગે શહેરીજનોને જાણકારી અપાઈ હતી.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો યુવક મહોત્સવ ‘સંગત-૨૦૧૯’ ૧૮મીથી આરંભાશે

### કેએસવીના યુથ ફેસ્ટિવલમાં ૩૨ કોલેજના ૧૧૩૦ સ્પર્ધકો ૨૮ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યાં છે : ઉદ્‌ઘાટન સમારોહમાં ફિલ્મકાર જય સોની ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જાણીતી શિક્ષણ સંસ્થા કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો આંતર કોલેજ યુવક મહોત્સવ ‘‘સંગત-૨૦૧૯’’ આગામી તા. ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે. જેમાં ‘‘યુવા જોશના શિખરે’’ થીમ આધારિત વિવિધ ૨૮ પ્રકારની સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ૩૨ કોલેજના કુલ મળીને ૧૧૩૦ યુવા કલાકારો ભાગ લેશે. ‘‘સંગીત-૨૦૧૯’’ તા. ૨૦મી સપ્ટેમબરે સવારે ૭.૩૦ કલાકે યુથ ફેસ્ટીવલ રેલી યોજાશે જે સેકટર-૧૫ સ્થિત એલડીઆરપી કેમ્પસથી શરૂ થઈને સેક્ટર-૨૩માં ખિમજી વિશ્રામ હોલ ખાતે સમાપન પામશે જ્યાં ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.

‘‘સંગત-૨૦૧૯’’ના ઉદ્‌ઘાટન પ્રસંગે કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના પ્રમુખસ્થાને જાણીતા ફિલ્મકાર જય સોની મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ સમારોહનું યુ-ટ્યુબ પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે. ‘‘સંગત-૨૦૧૯’’માં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર અને કડી ખાતેની સાયન્સ, કોમર્સ, એજ્યુકેશન, મેનેજમેન્ટ, એન્જિનીયરીંગ, નર્સિંગ સહિતની ૩૨ કોલેજના ૧૧૩૦ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે જેઓ વિવિધ પ્રકારની ૨૮ જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં હરિફાઈ કરશે. આ યુથ ફેસ્ટિવલ માટે તમામ કોલેજના વિદ્યાર્થીઓ તડામાર તૈયારીઓ કરી રહ્યાં છે. ‘‘સંગત-૨૦૧૯’’ને સફળ બનાવવા યજમાન કોલેજ ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ સહિત સ્ટાફ અને વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવી રહ્યાં છે.

## ટિંટોડા ખાતે ‘ફિટનેસ માટે ફિઝિયોથેરાપી અવેરનેસ રેલી’ યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિ.ની વિનસ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝીયોથેરાપી ગાંધીનગર દ્વારા ટિંટોડા ગામે ‘ફિટનેસ માટે ફિઝીયોથેરાપી અવેરનેસ રેલી’નું આયોજન કરાયું હતું. આ રેલી નો મુખ્ય હેતુ, ગામના લોકો સાથે વાતચીત કરીને ફિઝીયોથેરાપીની જાગૃતિ લાવવા અને તેમને ફિઝીયોથેરાપીની ભૂમિકા વિશે સમજાવવા માટેનો હતો.



આ ઈવેન્ટ્સ વર્લ્ડ ફિઝીયોથેરાપી વીક સેલિબ્રેશનના એક ભાગ રૂપે યોજાઈ હતી. ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓએ આજે ટિંટોડા ગામમાં રેલીમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને તેઓએ ગામમાં લોકો સાથે વાતચીત કરી હતી અને ત્યાંના લોકોના સ્વાસ્થ્યને લગતા પ્રશ્નોને સમજીને ઉત્તર આપ્યા હતા. તદ્દુપરાંત, બપોરે ડો.જે.બી. મિશ્રા (શ્રદ્ધા ફિઝીયોથેરાપી કિલનિક અને સંશોધન પુનર્વસન કેન્દ્રના સ્થાપક) દ્વારા એક્સપર્ટ ટોક નું આયોજન કરાયું હતું. તેમણે વ્યવહારિક નિદર્શન સાથે ફિઝિયોથેરાપીમાં તાજેતરની પ્રગતિ અને વ્યવસાયમાં નવું પરિમાણ શીખવ્યું હતું.

કાર્યક્રમનું સમાપન અને આભાર વિધિ ડો.અંકિત સિંહા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જય, દર્શના, વિભૂતિ, સુમિત, રવિ અને બંસરીને મિનિ મેરેથોન માટે વિજેતા તરીકે એવોર્ડ મળ્યો હતો.

## સિસિકા ગાંધીનગરના સભ્યો માટે એક દિવસીય પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

સિસિકા ગાંધીનગરના સભ્યો માટે તા. ૨૬ સપ્ટેમ્બરના દિવસે એક દિવસના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત એસી લકઝરીમાં ગાંધીનગરથી સવારે ૬.૦૦ કલાકે પ્રસ્થાન કરી ગાંધીનગરથી મહેમદાવાદ સિધ્ધિ વિનાયક મંદિર, નડીઆદ સંતરામ મંદિર, આણંદ સ્વામિનારાયણ મંદિર, બોરસદ સૂર્યમંદિર તથા બોરસદથી આશરે ૮૦ કિમી દૂર દરિયા સ્થિત સ્તંભેશ્વર મહાદેવ થઈને ગાંધીનગર રાત્રે પરત આવવાનું રહશે.


પ્રવાસ દરમિયાન ૧ ટાઈમ ચા-નાસ્તો તથા જમવાનું ૨ ટાઈમ સહિત વ્યકિત દીઠ રૂ. ૧૦૦૦ કોષાધ્યક્ષ હરજીવનદાસ એમ. પંચાલ મો. ૯૮૨૪૬૧૩૬૩૦ ને નામ નોંધાવવા સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા જણાવાયું છે.

## સે-૧૩માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં વાહનચોર બેફામ બની ગયા છે. આંખના પલકારમાં ઘર પાસે પાર્ક કરેલું વાહન ઉઠાવી જાય છે. વાહનચોરનો પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટર-૧૩ સી ખાતેથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. એરફોર્સમાં નિવૃત થયેલા રવિન્દ્રકુમાર યાદવ ઉં.વ.૪૭ સેકટર-૧૩ પ્લોટ નં. ૧૦૪૯-૧ ખાતે વસવાટ કરે છે. ગત ૩૧ ઓગસ્ટના રોજ તેઓએ ઘરના ગેટ પાસે પોતાનું જી.જે.૧૮.ડી.ઈ.-૧૭૯૪ નંબરનું બાઈક પાર્ક કર્યું હતું. બીજા દિવસે પાંચ વાગે તેઓ ઉઠ્યા ત્યારે બાઈક ગાયબ હતું. થોડા સમય સુધી પોતની રીતે શોધખોળ કરી હતી. પરંતુ તેમ છતા બાઈક ન મળતા આખરે તેઓએ સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## શહેરમાં નવરાત્રિના પગલે એકિઝબીશન



ગાંધીનગર, તા.૧૪

શહેરના પ્રિટી વુમન્સ કલબ દ્વારા નવરાત્રિના આગમનને પગલે શહેરમાં એકિઝબીશન રાખવામાં આવ્યું છે. જેમાં નવરાત્રિને અનુરૂપ ચણિયાચોળીથી લઈ ઘરેણા તથા વિવિધ વસ્તુઓ શહેરની બહેનો દ્વારા વેચાઈ રહી છે. એકિઝબીશનમાં ૩૦થી વધુ સ્ટોલ રાખવામાં આવ્યા છે.

શહેરમાં હાલ નવરાત્રીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. શહેરની બહેનો દ્વારા ઘર-ઘરાઉ નાસ્તા, મસાલા, શેમ્પુ, ફેસપેક, પાર્લરની વસ્તુ, રંગોળી સાથે ચળિયાચોળી, ઓકઝડાઈઝ જવેલરી, વુડન વીથ ફેબ્રીક વર્ક જવેલરી, ક્રોશ્યો હેન્ડમેડ સેટ, બુટ્ટી, થ્રેડ કમર બેલ્ટ વીથ મીરર વર્ક, બીડસ હેન્ડમેડ જવેલરી, કુંદનસેટ, પીસલ બીડસ જવેલરી, રીંગ, મોતીના ભરેલા હેન્ડમેડ ચપ્પલ સાથે નવરાત્રિને લગતી વિવિધ ચીજવસ્તુઓ રવિવાર સુધી સૌરાષ્ટ્ર સેવા સમાજ સે-૭-સી ખાતે ઉપલબ્ધ રહેશે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● ડ્રીમગર્લ
૮.૫૫, ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૫, ૭.૫૫, ૧૦.૧૫, ૧૦.૪૫
● સેકશન ૩૭૫
૯.૦૦, ૨.૪૦, ૮.૦૫, ૧૦.૪૦
● બાદશાહ પહેલવાન
૯.૦૫, ૩.૪૫, ૭.૦૦
● હંગામા હાઉસ (ગુજરાતી)
૫.૧૫
● ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૧૧.૩૫
● છીછોરે
૯.૩૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
● સાહો
૧૨.૨૦, ૩.૫૫
● મિશન મંગલ
૯.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● ડ્રીમગર્લ
૮.૫૫, ૯.૫૫, ૧૧.૩૦, ૧૨.૪૦, ૨.૧૫, ૩.૩૦, ૫.૦૫, ૭.૫૫, ૯.૩૫, ૧૦.૪૫
● સેકશન ૩૭૫
૯.૦૦, ૧૧.૨૫, ૪.૪૫, ૧૦.૧૫
● બાદશાહ પહેલવાન
૯.૧૦, ૩.૫૦, ૧૦.૩૦
● ટીચર ઓફ ધ યર (ગુજરાતી) ૬.૫૦
● છીછોરે
૯.૫૦, ૧૨.૫૦, ૩.૫૦, ૭.૨૦, ૧૦.૦૦
● સાહો
૧૨.૨૫, ૭.૦૫
● મિશન મંગલ
૨.૦૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● સેકશન ૩૭૫
૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૨૦
● સાહો
૧૨.૫૫
● બાદશાહ પહેલવાન
૧.૧૦, ૭.૧૦
● ડ્રીમગર્લ
૯.૦૦, ૧૦.૦૫, ૧૧.૫૦, ૨.૪૦, ૪.૩૦, ૫.૩૦, ૭.૨૦, ૮.૨૦, ૧૦.૧૦, ૧૧.૧૦

### સિટી પલ્સ કુડાસણ

● ડ્રીમગર્લ
૪.૦૦, ૧૨.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
● છીછોરે
૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
● સેકશન ૩૭૫
૧૦.૦૦, ૧૨.૪૫
● સાહો
૩.૦૦, ૯.૩૦
● પહેલવાન
૬.૩૦
● ચાલ જીવી લઈએ
૧૧.૪૫
● ચાસની (ગુજરાતી)
૨.૧૫
● મોન્ટુની બિટ્ટુ (ગુજરાતી)
૫.૦૦
● મિશન મંગલ
૭.૩૦

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● સંસ્કાર ગૃપ દ્વારા સે-૭ બગીચા ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દરમિયાન બાળકોને ચંદ્રયાન ટુના શુભેચ્છા પોસ્ટરો દ્વારા સંદેશો આપવામાં આવશે.

### ચિરવિદાય

● સ્વ.ભાવસાર દિપકકુમાર નાનાલાલ, ઉ.વ. ૪૪
● સ્વ. ઠાકોર રમેશજી શિવાજી, ઉ.વ. ૩૮
● સ્વ. ડાભી દશરથજી રણછોડજી, ઉ.વ. ૬૮
● સ્વ. રબારી બબુબેન રાયમલભાઈ, ઉ.વ. ૭૪
● સ્વ. ઠાકોર મંગુબેન ઉદાજી, ઉ.વ. ૬૫
● સ્વ. દંતાણી સપના વિજયભાઈ, ઉ.વ. ૧૧
● સ્વ. વણઝારા ફૂલાજી ગણેશજી, ઉ.વ. ૯૫